


# બોલિવૂડમાં ડરાવવાની શરૂઆત ક્યાંથી થઈ?

**આજના જમાનામાં હોરર ફિલ્મ એટલે ભૂત દેખાડવા માટે VFX, ધડાકેદાર બેકગ્રાઉન્ડ મ્યુઝિક, અચાનક સ્ક્રીન પર કૂદતું કોઈ પાત્ર અને થિયેટરમાંથી આવતી અરે યાર! જેવી ચીસો! પરંતુ એક મિનિટ 1949માં પાછા જઈએ તો? ન VFX, ન ડિજિટલ કેમેરા, ન સરાઉન્ડ સાઉન્ડ અને ન કરોડોનું બજેટ! છતાં એક ફિલ્મ આવી અને તેણે આખા દેશને એવો ડરાવ્યો કે લોકો ફિલ્મ પૂરી થયા પછી પણ કદાચ પાછળ વળી-વળીને જોતા હશે!**

'મહલ' ફિલ્મે બોલિવૂડને ડરાવવાનું શીખવ્યું! 'મહલ' હોરર-સસ્પેન્સ ફિલ્મ, જેણે પુનર્જન્મ, રહસ્ય અને રોમાન્સને એવી રીતે ભેગાં કર્યા કે પછીની અનેક ફિલ્મો માટે રસ્તો તૈયાર થઈ ગયો.

આજે જે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં "મેકિંગ ઓફ" પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે, ત્યાં 'મહલ'ની મેકિંગમાં તો જેટલું હતું એમાંથી જ કામ ચલાવવાની કમાલની જુગાડ ટેક્નિક હતી!

ફિલ્મની સ્ક્રિપ્ટમાં અશોક કુમારનું પાત્ર એક જૂના મહેલમાં પહોંચે છે અને ત્યાં શરૂ થાય છે રહસ્યની આખી રમત. મહેલમાં એક રહસ્યમય સ્ત્રી દેખાય છે, જેનો દાવો છે કે બંને વચ્ચે ગયા જન્મનો પ્રેમસંબંધ હતો.

હવે આજના દર્શકને કદાચ આ સાંભળીને લાગે–"અરે, આ તો આપણે કેટલીય ફિલ્મોમાં જોઈ ચૂક્યા છીએ!"



**આજે જે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં "મેકિંગ ઓફ" પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે, ત્યાં 'મહલ'ની મેકિંગમાં તો જેટલું હતું એમાંથી જ કામ ચલાવવાની કમાલની જુગાડ ટેક્નિક હતી!**

પણ ભાઈ, 1949માં આ આઈડિયા પોતે જ 'વાહ!' હતો. પુનર્જન્મ અને અધૂરી લવ સ્ટોરીને હોરર સાથે જોડીને 'મહલ'એ એવો માહોલ બનાવ્યો કે દર્શકો માટે ફિલ્મ માત્ર ફિલ્મ નહોતી રહી, એક રહસ્ય બની ગઈ હતી.

આજે મધુબાલાનું નામ આવે એટલે ભારતીય સિનેમાની સૌથી સુંદર અભિનેત્રીઓમાંનું એક ચહેરું આંખ સામે આવી જાય. પરંતુ 'મહલ'ના સમયે તેઓ માત્ર 15 વર્ષની હતી!

શરૂઆતમાં પ્રોડ્યુસર સાવક વાચા તેમને ફિલ્મમાં લેવા માટે બહુ ઉત્સાહિત નહોતા. ઉંમર નાની અને અનુભવ ઓછો સવાલ તો બનતો જ હતો, પણ ડિરેક્ટર કમાલ અમરોહીને મધુબાલામાં કંઈક ખાસ દેખાતું હતું. તેઓ પોતાના નિર્ણય પર અડગ રહ્યા. અને પછી કેમેરા પાછળથી આવ્યો એક વધુ જાદુ જર્મન સિનેમેટોગ્રાફર જોસેફ વિર્શિંગનું લાઈટિંગ!

શેડોઝ, ધુમ્મસ, અંધકાર અને ચહેરા પર પડતી લાઈટિંગે મધુબાલાને એવી રહસ્યમય બનાવી કે સ્ક્રીન પર તેમની એન્ટ્રી જ જાણે ફિલ્મનું પોતાનું 'મિસ્ટ્રી મોમેન્ટ' બની ગઈ.

સૌથી રસપ્રદ વાત એ છે કે આજે જે ઈકો અને સાઉન્ડ ઈફેક્ટ માટે સ્ટુડિયોમાં બટન દબાવી દઈએ છીએ, એ જમાનામાં ટેક્નિક પણ 'દેશી જુગાડ' પર ચાલતી હતી! લતાજીના અવાજમાં કુદરતી પડઘો લાવવા માટે તેમને માઈકથી દૂર ઊભા રાખીને ગવડાવવામાં આવતું અને પછી ધીમે-ધીમે માઈક તરફ આવવાનું કહેવામાં આવતું. એક એવો અવાજ, જે આજે પણ સાંભળો તો લાગે કે કોઈ રહસ્યમય મહેલના અંધારા કોરિડોરમાંથી કોઈ તમને બોલાવી રહ્યું છે!

**ડાયરેક્ટર વ્યૂ**

આજકાલ ફિલ્મના સેટ માટે કરોડોનું બજેટ, મોટા સ્ટુડિયો અને અલગથી આર્ટ ડિપાર્ટમેન્ટ હોય છે. પરંતુ 'મહલ'ના સમયમાં વાત થોડી અલગ હતી.

બોમ્બે ટોકીઝ આર્થિક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યું હતું. એટલે સેટ બનાવવા અને પ્રોડક્શનનો ખર્ચ ઘટાડવા માટે ડિરેક્ટર કમાલ અમરોહીએ પોતાના ઘરનું એન્ટીક ફર્નિચર, પડદા અને બીજી વસ્તુઓ સુધી શૂટિંગમાં ઉપયોગમાં લીધી હતી. ફિલ્મનું બજેટ ઓછું છે? ચિંતા નહીં ઘરેથી સામાન લઈ આવો! પણ આ જ સાદગી પાછળથી ફિલ્મના વાતાવરણનો ભાગ બની ગઈ. અંધારી ગલીઓ, મહેલના પડછાયા, જૂનાં વૃક્ષો, ચામાચીડિયાં, રહસ્યમય અવાજો અને કેમેરાના એંગલ આટલી જ વસ્તુઓથી એવો હોરર માહોલ ઊભો થયો કે દર્શકોની કલ્પના જ તેમનો સૌથી મોટો ડર બની ગઈ. આજે આપણે ભૂતને સ્ક્રીન પર જોઈને ડરીએ છીએ. 'મહલ'માં ભૂત કરતાં વધારે આપણું પોતાનું દિમાગ આપણને ડરાવતું હતું! આજે જ્યારે કોઈ હોરર ફિલ્મ જોઈને આપણે કહીએ "યાર, કંઈક ઓરિજિનલ બનાવો! ત્યારે એકવાર 'મહલ' તરફ પાછા વળીને જોવું જોઈએ. કારણ કે લગભગ આઠ દાયકા પહેલાં, જ્યારે ટેક્નોલોજી હાથમાં નહોતી, ત્યારે ફિલ્મમેકર્સ પાસે એક જ હથિયાર હતું કલ્પના અને કળા અને 'મહલ' એ બંનેનો એવો ઉપયોગ કર્યો કે ભૂત આવ્યું કે નહીં એ તો ખબર નહીં, પરંતુ ભારતીય સિનેમાને એક નવી દિશા જરૂર મળી ગઈ! ●



## R.D. બર્મને એક જ ધૂન પર બનાવ્યા! 10 સુપરહિટ સૉંગ

આજના જમાનામાં એક જ મ્યુઝિક સેમ્પલ કે બીટ વારંવાર લૂપ કરીને રીલ્સ બને છે, પણ પંચમ દાએ 70ના દાયકામાં એક જ મેલોડિક ડીએનએ (ધૂન) પકડીને એમાંથી એટલાં બધાં ટ્રેક્સ કાઢી આપ્યા કે આખી પ્લેલિસ્ટ બની જાય. આજે જેને આપણે 'સ્માર્ટ રિયૂઝ' કે 'મલ્ટિપલ વેરિઅન્ટ્સ' કહીએ છીએ, એ પંચમ દા માટે ડાબા હાથનો ખેલ હતો.

ચાલો સમજીએ કે કેવી રીતે આ સંગીતના પ્રોફેસરે એક જ 'કોર વાઈબ'ને મિક્સ-મેચ કરીને 10 સુપરહિટ ટ્રેક્સ પીરસી દીધા.

અસલી કનેક્શનઃ 'મેરી ભીગી ભીગી સી'નો વાઈબ અને તેના વેરિઅન્ટ્સ પંચમ દા પાસે એવી માસ્ટરી હતી કે તેઓ એક સાદી ધૂનની નોટ્સ આગળ-પાછળ કરીને આખું ઈમોશન બદલી નાખતા. એવો જ એક જાદુઈ મેલોડિક બેઝ હતો જે બંગાળીથી શરૂ થઈને હિન્દી સિનેમાના અલગ-અલગ મૂડ્સમાં કન્વર્ટ થયો

**જે જાની જે કાંદે (બંગાળી ઓરિજિનલ):** આ એ મૂળ ટ્રેક છે જ્યાંથી સમગ્ર કન્સેપ્ટ શરૂ થયો. કિશોર કુમારના અવાજમાં આ ગીત બિલકુલ રો, ડીપ અને મેલન્કોલિક હતું.

**મેરી ભીગી ભીગી સી (અનામિકા):** આ એ જ બંગાળી ધૂનનું હિન્દી અપગ્રેડ વર્ઝન. બ્રેકઅપ પછી જે પેઈન થાય, એનો અલ્ટીમેટ એન્થમ. સંજીવ કુમારનો સ્ક્રીન પ્રેઝન્સ અને પંચમ દાનું એકાઉસ્ટિક ગિટાર–પ્યોર હાર્ટબ્રેક વાઈબ.

### એક જ ટેમ્પો, અલગ-અલગ રંગ

પંચમ દાએ આ જ મેલોડીનું 'ડીએનએ' લઈને અન્ય ગીતોમાં એવી રીતે ઈન્જેક્ટ કર્યું કે સામાન્ય શ્રોતાને ખબર પણ ન પડે કે અંદરની હાર્મની એક જ છેઃ

**વાદા કરો નહીં છોડોગે તુમ મેરા સાથ (આ ગલે લગ જા):** એક તરફ 'મેરી ભીગી ભીગી સી'માં ગમગીની હતી, તો બીજી તરફ આ જ કોર્ડ સ્ટ્રક્ચરને થોડું અપબીટ, રોમેન્ટિક અને સ્કેટિંગ-રિધમમાં ઢાળીને લવ ટ્રેક બનાવી દીધો.

**તેરે બિના ઝિંદગી સે કોઈ શિકવા (આંધી):** ગુલઝાર સાહેબના બોલ અને પંચમ દાની નોટ્સ. બે લોકો વચ્ચેના વિરહ અને મૌનને આ ધૂનની હાર્મનીમાં એવું ગૂંથ્યું કે ગીત એવરગ્રીન બની ગયું.

**તુમ આ ગયે હો નૂર આ ગયા હૈ (આંધી):** એ જ સિગ્નેચર સૂર, પણ આ વખતે મૂડ એકદમ સનશાઈન જેવો બ્રાઈટ અને હોપફુલ.

**આપ કી આંખોં મેં કુછ મહેકે હુએ સે (ઘર):** સોફ્ટ વાયોલિન અને ગિટાર પ્લકિંગ સાથે એ જ મેલોડિક પ્રવાહ, જેને સાંભળીને આજે પણ લેટ-નાઈટ ડ્રાઈવ યાદ આવી જાય.

**યે લડકી ઝરા સી દીવાની લગતી હૈ (લવ સ્ટોરી):** એંસીના દાયકાની શરૂઆતમાં આ જ સ્ટાઈલને યુથફુલ, બબલી અને કેચી બનાવી દીધી.

**મુસાફિર હૂં યારોં (પરિચય):** ગિટારના સ્ટ્રમિંગ અને કેઝ્યુઅલ રિધમમાં સંતાયેલી એ જ સહજતા–લાઈફની મુસાફરીનો કૂલ એટિટ્યુડ.



**બોલિવૂડ મ્યુઝિકના અસલી 'ટ્રેન્ડસેટર' અને ઓરિજિનલ 'વાઇબ-ક્રિએટર' એટલે આપણા પંચમ દા–રાહુલ દેવ બર્મન**

**એક લડકી કો દેખા તો ઐસા લગા** (1942: અ લવ સ્ટોરી): પોતાના કરિયરના આખરી ફેઝમાં પંચમ દાએ ફરી એકવાર સાબિત કર્યું કે સાદી, સ્વીટ લાઈનથી આખો દેશ કેવી રીતે ડોલાવી શકાય.

**કિસી બાત પર મૈં કિસી સે ખફા હૂં (બેમિસાલ):** ઈન્ટ્રોસ્પેક્ટિવ, શાંત અને ઊંડાણપૂર્વક ગવાયેલું ગીત, જે પંચમ દાની એ જ આલાપ-શૈલીનું વિસ્તરણ હતું.

**લેજન્ડ**

આને કહેવાય ઓરિજિનલ 'મ્યુઝિકલ હેકિંગ' આજના જમાનામાં ઘણા મ્યુઝિક ડિરેક્ટર્સ વિદેશી બીટ્સ ડાઉનલોડ કરીને સીધા લૂપ પર મૂકી દે છે. જ્યારે પંચમ દા શું કરતા? એમના માથામાં એક ધૂન રમાતી હોય, તો એ પિયાનો પર બેસીને એ જ નોટ્સને રોક બીટ પર સ્પીડ આપી દેતા,અથવા વાયોલિન ઓર્કેસ્ટ્રાથી ગંભીર બનાવી દેતા,

અથવા એકલા એકાઉસ્ટિક ગિટાર સાથે સાવ ધીમી કરી નાખતા.

મતલબ કે મસાલો એક જ, પણ વાનગી 10 અલગ-અલગ સ્વાદની! એક જ કમ્પોઝિશનમાંથી આંસુ પણ વહાવી શકાય, પ્રેમનો એકરાર પણ કરાવી શકાય અને યુવાનોને થિરકાવી પણ શકાય–આ સ્કિલ માત્ર પંચમ દા પાસે જ હતી.

પંચમ દા માત્ર કમ્પોઝર નહોતા, તેઓ સાઉન્ડ આર્કિટેક્ટ હતા. આજે આટલા દાયકાઓ પછી પણ જ્યારે આપણે એમની પ્લેલિસ્ટ શફલ કરીએ છીએ, ત્યારે સમજાય છે કે સાચો જીનિયસ એ નથી જે દસ નવી સામાન્ય ધૂનો બનાવે, પણ એ છે જે એક સૂર પકડીને આખી દુનિયાને અલગ-અલગ મૂડમાં નચાવી શકે. ●

## શેખર કપૂરે 'મિસ્ટર ઈન્ડિયા'ને કેવી રીતે કર્યો ગાયબ?



આજના ડીજિટલ યુગમાં કોઈ અભિનેતાને પડદા પરથી ગાયબ કરવો હોય કે હવામાં ઉડાડવો હોય તો બાબત સાવ સરળ છે. સ્ટુડિયોમાં ગ્રીન સ્ક્રીન લગાવો, મોશન ટ્રેકિંગ સેટઅપ ગોઠવો અને કમ્પ્યુટર સોફ્ટવેરમાં CGI તથા VFX નો જાદુ ઉમેરીને થોડી મિનિટોમાં સીન તૈયાર થઈ જાય છે. હોલીવુડની માર્વેલ કે ડીસી ફિલ્મો આ ટેક્નોલોજી પાછળ કરોડો રૂપિયા પાણીની જેમ વહાવી દે છે.

પરંતુ જરા ફ્લેશબેકમાં જઈને કલ્પના કરો... સાલ હતી ૧૯૮૭! તે જમાનામાં ભારતીય સિનેમા પાસે ના તો કોઈ એડવાન્સ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ હતા, ના કોઈ હાઈ-એન્ડ સોફ્ટવેર કે ના તો ગ્રીન ક્રોમા સ્ક્રીનનું નામોનિશાન હતું. છતાં થિયેટરમાં અંધારું થતાં જ લાલ કાચવાળી ઘડિયાળનું બટન દબાય અને અનિલ કપૂર સ્ક્રીન પરથી ચપટી વગાડતા ગાયબ થઈ જતા. સૌથી મોટું આશ્ચર્ય એ હતું કે બાજુમાં ઊભેલો પેલો નાનો બાળક અને આસપાસનો સામાન પોતાની જગ્યાએ એમ જ અકબંધ દેખાતા. ૧૯૮૭માં જ્યારે દર્શકોએ પહેલીવાર આ દ્રશ્ય જોયું ત્યારે થિયેટરમાં લોકોની આંખો ફાટી ગઈ હતી કે ભાઈસાબ, આખરે આ બન્યું કેવી રીતે?

**પરદે કે પીછે**

આજે એ આઈકોનિક સીન પાછળનો અસલી સિનેમેટિક હેક અને ટેકનિકલ રહસ્ય સમજીએ. નો કમ્પ્યુટર, ઓન્લી ડિરેક્ટરનો માસ્ટરમાઈન્ડઆજે આખી દુનિયા સોફ્ટવેરના જોરે અશક્યને શક્ય બનાવે છે, પરંતુ તે સમયે ડિરેક્ટર શેખર કપૂર અને સિનેમેટોગ્રાફર બાબા આઝમી પાસે માત્ર બે જ સાધનો હતાઃ અખૂટ ધીરજ અને કેમેરાનું ભૌતિક વિજ્ઞાન. શેખર કપૂરે કોઈ ફેન્સી ગ્રાફિક્સ વિના માત્ર પ્યોર મેથેમેટિકલ પ્લાનિંગ અને ડબલ એક્સ પોઝર ટેકનિક (Double Exposure Technique) વાપરીને અલ્ટીમેટ દેશી જુગાડ કરી બતાવ્યો હતો.

**આજના જમાનાનું Ctrl+Z એ જમાનામાં ડિરેક્ટરે કેમેરાની રીલ સાથે મેન્યુઅલી કરી બતાવ્યું હતું**



### આ ટેકનિક કઈ રીતે કામ કરતી હતી? તેને સાવ સરળતાથી સમજીએઃ

**પ્રથમ તબક્કો - સંપૂર્ણ શૂટઃ** કેમેરાને એક જ જગ્યાએ એટલો મજબૂત રીતે ફિક્સ કરવામાં આવ્યો કે તે એક મિલિમીટર પણ વાઈબ્રેટ ન થાય. ત્યારબાદ અનિલ કપૂર અને બાળ કલાકાર સાથે આખો સીન ડાયલોગ્સ અને એક્શન સહિત શૂટ કરી લેવાયો.

**બીજો તબક્કો - ફ્રેમ શૂન્યતાઃ** કેમેરાનો એંગલ, ફોકસ કે સેટ પરનો લાઈટિંગ સેટઅપ સહેજ પણ હલ્યા વગર અનિલ કપૂરને હળવેકથી ફ્રેમમાંથી બહાર કાઢવામાં આવ્યા.

**ત્રીજો તબક્કો - રિ-શૂટઃ** બાળ કલાકારને એ જ પોઝિશન અને એક્સપ્રેશન સાથે ત્યાં જ ઊભો રાખીને, ખાલી બેકગ્રાઉન્ડ સાથે સેમ ટુ સેમ સીન ફરીથી શૂટ કરાયો. બાળકે પણ શરીર સ્થિર રાખીને ચોકસાઈ જાળવવી પડી હતી.

**ચોથો તબક્કો - ઓપ્ટિકલ મિશ્રણઃ** તે સમયે એક એનાલોગ મશીન વપરાતું જેને ઓપ્ટિકલ પ્રિન્ટર (Optical Printer) કહેવાતું. લેબોરેટરીમાં બંને અલગ-અલગ ફિલ્મ રીલ્સને ફ્રેમ-બાય-ફ્રેમ મેચ કરીને આ મશીન વડે એકબીજાની ઉપર સુપરઈમ્પોઝ (કમ્બાઈન) કરી દેવામાં આવી. પરિણામ એ આવ્યું કે કેમિકલ પ્રક્રિયાના કારણે અનિલ કપૂર ધીમે-ધીમે પારદર્શક થઈને ગાયબ થતા દેખાયા, જ્યારે બાજુમાં ઊભેલો બાળક પોતાની જગ્યાએ સ્થિર રહ્યો. આજે કી-બોર્ડ પર જે કામ આપણે એક ક્લિકમાં Ctrl+Z કરીને કરીએ છીએ, તે જમાનામાં શેખર કપૂરે કેમેરાની રીલ અને ડાર્કરુમ કેમિકલ્સ સાથે મેન્યુઅલી સાબિત કરી બતાવ્યું હતું.

### આજના સમયમાં એ 'ઝકાસ' પ્રેરણા

આ સીન માત્ર એક ફિલ્મનો સીન નહોતો, પણ સાધનસામગ્રીના અભાવ સામે ભારતીય સર્જકોની સર્જનાત્મકતાનો વિજય હતો. તમારી પાસે ભલે કરોડોના સોફ્ટવેર કે મોંઘા ગેજેટ્સ ન હોય, પણ જો મગજમાં વિઝન અને આઈડિયા સોલિડ હોય તો સ્ક્રીન પર ઈતિહાસ રચી શકાય છે. આજના 3D ચશ્મા અને 4K આઈમેક્સના યુગમાં પણ જ્યારે 'મિસ્ટર ઈન્ડિયા' ટીવી પર આવે છે, ત્યારે એ ઓલ્ડ-સ્કૂલ ટેકનિક જોઈને આપોઆપ મોંમાંથી એક જ શબ્દ નીકળે છે–એકદમ ઝકાસ! ●